Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



*

માનવ જીવન એ મુક્તિનો માર્ગ છે.
સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની
આરાધના કરવાથી મુક્તિ મળે છે.

*

પુસ્તક : ૮૬ | ચૈત્ર | આત્મ સંવત ૯૪
અંક : ૬ | એપ્રિલ | વીર સંવત ૨૫૧૪
૧૯૮૯ | વિક્રમ સંવત ૨૦૪૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | ચરમ તીર્થાધિપતિ શ્રી મહાવીર પ્રભુનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર | પ. પૂ. શ્રી વજ્રસેનવિજયજી મહારાજ સાહેબ | ૮૫ |
| ૨. | "જૈન દર્શન" | હીરાલાલ બી. શાહ | ૯૦ |
| ૩. | શાલિભદ્રની કથા | પંકજકુમાર હર્ષદરાય શાહ | ૯૩ |
| ૪. | દિલ્હી–અધિવેશનની અટારીએથી | કુ. પ્રફુલ્લાબેન આર. વોરા | ૧૦૦ |



## પરમ પૂજ્ય ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો ૧૫૩ મો જન્મજયંત મહોત્સવ

શ્રી સિદ્ધાચલજી તીર્થ પાલીતાણા મુકામે સંવત ૨૦૪૫ના ચૈત્ર શુદી ૨ ને શુક્રવાર તારીખ ૭–૪–૮૯ ના રોજ શ્રી જૈન આત્માનંદસભા ભાવનગર તરફથી ઉજવવામાં આવ્યો હતો. શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં નવાણુ પ્રકારી પૂજા ભણાવવામાં આવી હતી. શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં જયાં પરમ પૂજ્ય ગુરૂદેવ શ્રી આત્મારામજી મહારાજની દેરી છે ત્યાં પરમ પૂજ્ય ગુરૂદેવ શ્રી આત્મારામજી મહારાજની મૂર્તિની ફુલોની અંગરચના કરવામાં આવી હતી. સવાર સાંજ ગુરૂભક્તિ તેમજ આવેલ સભાસદોની સ્વામીભક્તિ કરવામાં આવા હતી.

## સાચી સાધના

જ્ઞાની ગૌતમ બોલ્યા, 'ઓહ! ભગવાને મને જીવનથી જે જ્ઞાન આપ્યું. એથી વિશેષ એમના નિર્વાણથી આપ્યું. મને ઘણીવાર કહેતા કે નિરાલંબ બન. આલંબન માત્ર છોડી દે. આંતર દુનિયા તરફ જા. ત્યાં ન કોઈ ગુરુ છે, ન કોઈ શિષ્ય. પણ એ વેળા ભગવાનના દેહ પર મારું મમત્વ હતું. આત્મિક પૂજાને બદલે દેહપૂજા હતી. આથી જ નિર્વાણ વેળાએ મને અળગો રાખીને ભગવાને સમજાવ્યું કે ગૌતમ, સ્નેહ, કરતાં સાધના ચડિયાતી છે.'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

માનદ્ તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.

માનદ્ સહતંત્રી : કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા એમ.એ.; એમ.એડ.

વર્ષ : ૮૬ ] * વિ. સં. ૨૦૪૫ ચૈત્ર-એપ્રિલ-૮૯ * અંક : [૬


# ચરમ તીર્થાધિપતિ શ્રી મહાવીર પ્રભુનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર

પ. પૂ. શ્રી વજ્રસેનવિજયજી મહારાજ સાહેબ



જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં બ્રાહ્મણપુર નામે એક ગામ હતું. ત્યાં ઋષભદત્ત નામે બ્રાહ્મણ રહેતો હતો અને દેવાનંદા નામની તેની ભાર્યા હતી. અષાઢ સુદ છઠ્ઠના દિવસે નંદનમુનિનો જીવ દશમાં દેવલોકમાંથી ચ્યવીને દેવાનંદાની કુક્ષિમાં અવતર્યો. અને તે વખતે તીર્થંકર ભગવાનના જન્મને સૂચવનારા ચૌદ મહાસ્વપ્નોને દેવાનંદાએ દેખ્યા અને પ્રાતઃકાળે પોતાના સ્વામીને વાત કહી અને સ્વપ્નના ફળ તરીકે તેમણે કહ્યું કે વેદનો પારંગામી એવા પુત્રરત્નની તને પ્રાપ્તિ થશે. દેવાનંદાના ગર્ભમાં પ્રભુના આવ્યા પછી ૮૨ દિવસ વ્યતીત થયા અને સૌધર્મ ઇંદ્રનું આસન કંપાયમાન થયું. અવધિજ્ઞાનથી પ્રભુને દેવાનંદાની કુક્ષિમાં આવેલા જાણી શક્રેન્દ્ર સિંહાસન પરથી ઉભા થઇને નમસ્કાર કરીને આ પ્રમાણે ચિંતવવા લાગ્યા. જગતનાં ચિંતામણી જગતના નાથ એવા અરિહંત હંમેશા છીપમાં મોતીની જેમ ઇક્ષ્વાકુ વિગેરે ક્ષત્રિય વંશમાં જ ઉત્પન્ન થાય છે. એમ વિચારીને નૈગમેષી દેવને બોલાવીને સત્વરે આજ્ઞા કરી અને પ્રભુને ક્ષત્રિયકુંડ નગરના સિદ્ધાર્થ નામના રાજાની ત્રિશલા રાણીની કુક્ષિમાં સંક્રમ કર્યો. આ રીતે પ્રભુનાં ગર્ભહરણનો પ્રસંગ થયો અને ત્રિશલા મહારાણીએ ચૌદ મહાસ્વપ્નોને જોયા. સ્વપ્નના ફળ તરીકે ત્રણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લોકના નાથ તીર્થંકર પ્રભુ અવતર્યા છે એ પ્રમાણે સ્વપ્ન પાઠકોએ કહ્યું.

પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે "મારા હલન ચલનથી માતાને વેદના ન થાય" માટે સ્થિર રહ્યા. પ્રભુ સ્થિર રહ્યા તેથી માતાને ચિંતા થઈ કે મારા ગર્ભને શું થયુ ? નાશ પામ્યો કે કોઇએ ગર્ભ હરી લીધો, હવે મારે જીવવાનું કામ નથી. આ પ્રમાણે ત્રિશલા મહારાણી ઘણો ખેદ પામ્યા. એ સમાચારથી રાજા સિદ્ધાર્થ પણ ખેદ પામ્યા. ત્રણ જ્ઞાનના ધણી પ્રભુએ અવધિજ્ઞાનથી જાણીને તરત હલન ચલન શરૂ કર્યું. તે વખતે પ્રભુએ ચિંતવ્યું કે હું હજુ અદૃષ્ટ છું, છતાં મારા માતા પિતાને મારા પર આટલો સ્નેહ છે તો હું દીક્ષા લઇશ તો જરૂર સ્નેહના વશથી તે મૃત્યુ પામશે, માટે માતાપિતાનાં જીવતાં હું દીક્ષા લઇશ નહિ આ પ્રમાણે પ્રભુએ ગર્ભમાં જ અભિગ્રહ કર્યો. લોકોત્તર નાથની પણ માતાપિતા પર કેવી અદ્ભુત ભક્તિ છે. એ સૂચવે છે કે માતાપિતાનો અત્યંત ઉપકાર છે.

અનુક્રમે ગર્ભ સ્થિતિ પૂર્ણ થયે છતે, સર્વ દિશાઓ પ્રસન્ન હતી સર્વ ગ્રહો ઉચ્ચ સ્થાને આવ્યા હતા પવન અનુકૂળ વાતો હતો. જગત બધું હર્ષથી પૂર્ણ થયું હતું તે સમયે તે નવ માસ અને સાડા સાત દિવસ વ્યતીત થતાં ચૈત્ર સુદ તેરસના દિવસે ત્રિશલા દેવીએ સિંહના લાંછનવાળા સુવર્ણવાન કાંતિવાળા અત્યંત સુંદર પુત્રને જન્મ આપ્યો.

છપ્પન દિક્કુમારીકાઓનું આગમન થયું પછી સૌધર્મ ઇંદ્ર પણ આસન કંપાયમાન થવાથી પ્રભુનાં જન્માભિષેક મહોત્સવ કરવા માટે આવ્યા. પ્રભુને મેરુગિરિના શિખર ઉપર લઈ ગયા તે અવસરે ભક્તિની કોમળ ચિત્તવાળા શક્રને વિચાર આવ્યો કે આટલા બધા જલનો ભાર પ્રભુ શી રીતે સહન કરશે ? ઇંદ્રની શંકા દુર કરવા માટે પ્રભુએ લીલા માત્રથી વામચરણના અંગુઠાથી મેરુગિરિને દબાવ્યો તત્કાળ આખો પર્વત કંપાયમાન થયો. અવધિજ્ઞાનથી ઇંદ્ર મહારાજા નિહાળે છે કે આ શો ઉત્પાત થયો છે ? પ્રભુના પરાક્રમની લીલા ત્યાં જાણવામાં આવી અને ઇંદ્ર મહારાજાએ કહ્યું કે હે નાથ ! અસાધારણ એવું તમારું માહાત્મ્ય મારા જેવા સાધારણ કેવી રીતે જાણી શકે માટે મેં જે વિપરીત ચિંતવ્યું તે મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ.

પ્રભુનાં જન્મ મહોત્સવને ઉજવીને પ્રભુને માતા પાસે સ્થાપન કર્યા. રાજા સિદ્ધાર્થે પણ પરમાત્માનો જન્મ મહોત્સવ કર્યો. કારાગૃહમાંથી સર્વ કેદીઓને છોડી મૂક્યા અરિહંત જન્મ ભવ્ય પ્રાણીઓને ભવમાંથી પણ છોડાવે છે. પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારથી ધનધાન્યની વૃદ્ધિ થવા લાગી માટે પ્રભુનું 'વર્ધમાન' એવું નામ પાડયું. અને પ્રભુ મોટા ઉપસર્ગોથી પણ કંપાયમાન થશે નહિ એવું ધારીને જગતપતિનું 'મહાવીર' એવું નામ ઇન્દ્ર મહારાજાએ પાડયું.

એક વખત આઠ વર્ષની વયે પ્રભુ સમાનવયવાળા રાજપુત્રની સાથે રમતાં હતાં. ઇંદ્ર મહારાજાએ દેવતાઓની સભામાં પ્રભુ મહાવીરનાં પરાક્રમની વાત કરી તે સાંભળી કોઇ મત્સરી દેવ મહાવીરને હું ક્ષોભ પમાડું એવું ધારીને પ્રભુની સાથે ક્રીડા કરવા આવ્યો. દેવો ત્યાં આગળ સર્પ થઇને રહ્યો. પ્રભુએ લીલા માત્રમાં તે સર્પને દૂર ફેંકી દીધો. પછી રમતમાં જે હારે તે પોતાની પીઠ પર ચઢાવીને વહન કરે એ પ્રમાણેની શરત હતી તે દેવ હારી ગયો અને પ્રભુ તેની પીઠ પર ચઢયા. તે દેવ તો વધવા લાગ્યો પ્રભુ તેનું સ્વરૂપ જાણી ગયા અને મુષ્ટિ માત્રના પ્રહારથી વામન કરી નાંખ્યો. તે દેવ પણ ઇંદ્રએ વર્ણન કરેલા ભગવાનના ધૈર્યને પ્રત્યક્ષ જોઇને પોતાનું સ્વરૂપ પ્રગટ કરીને નમન કરીને પોતાના સ્થાને પાછો ગયો.

પ્રભુ આઠ વર્ષના થયા એટલે મોહવશ માતાપિતા પ્રભુને નિશાળે લઇ ગયા. તે વખતે પણ ઇંદ્રનું સિંહાસન કંપાયમાન થયું. અરે શું સર્વજ્ઞ પ્રભુને ભણવાનું હોય ? એમ વિચારીને ઇંદ્ર મહા-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજા આવ્યા અને પ્રભુને ઉપાધ્યાયના સ્થાને બેસાડ્યા અને પ્રભુનો માહાત્મ્ય વધાર્યો.

અનુક્રમે યૌવન વયમાં પ્રભુ આવતા ગૃહવાસથી વિમુખ હોવા છતાં પણ ભોગકર્મ પણ બાકી છે અને માતાપિતાની આજ્ઞા પણ માનવી જોઇએ એમ વિચારીને યશોદા નામની રાજકન્યા સાથે પાણિ-ગ્રહણ કર્યું. વિષય સુખ અનાસક્તપણે ભોગવતા પ્રભુને પ્રિયદર્શના નામની પુત્રી થઈ. પ્રભુના જન્મથી ૨૮ વર્ષ વ્યતીત થતાં માતાપિતા મૃત્યુ પામ્યા. અને પ્રભુએ ભાઇ નંદિવર્ધનની પાસે દીક્ષા લેવાની રજા માંગી.

નંદિવર્ધન પણ શોકથી ગદ્ગદિત થઈને બોલ્યા કે હજુ માતાપિતાનો વિયોગ ભૂલાયો નથી અને દીક્ષાની વાત કરી વધુ દુ:ખી શા માટે કરો છો ? જયેષ્ઠબંધુના આગ્રહથી પ્રભુ ભાવયતિ થઈ, એક વરસ ગૃહસ્થાવાસમાં નિર્ગમન કર્યું.

લોકાંતિક દેવતાઓએ આવીને 'હે પ્રભો !તીર્થ પ્રવર્તાવો' એ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી. પ્રભુએ વાર્ષિક દાન આપ્યું. ત્યાર પછી શિબિકામાં આરૂઢ થઈને જગત્ પ્રભુ ઉદ્યાનમાં પધાર્યા. પ્રભુએ ત્યાં સર્વ આભૂષણોનો ત્યાગ કર્યો. પંચ મુષ્ટિ લોચ કર્યો. ઇંદ્ર મહારાજાએ પ્રભુના શરીર ઉપર દેવદૂષ્ય નાંખ્યું. પ્રભુએ 'करेमि सामाइअं'ની પ્રતિજ્ઞા કરી. આ રીતે જન્મથી ત્રીશ વરસ નિર્ગમન થતાં માગશર વદ દશમના દિવસે દિવસના પાછલા પહોરે છઠ્ઠનો તપ કર્યો છે એવા પ્રભુને ચારિત્રની સાથે મન:પર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું.

દીક્ષા લીધા પછી ત્રણ જગતના પતિ મહાવીર સ્વામીએ ત્યાંથી વિહાર કર્યો. હવે પરીષહો અને ઉપસર્ગોની ફોજ જાણે પ્રભુની પાછળ જ પડી ન હોય એ રીતે સૌ પ્રથમ ગોવાળિયાથી પ્રભુને ઉપ-સર્ગ ચાલુ થયો. પ્રભુના શરીર પર જે સુગંધી દ્રવ્યનો વિલેપન કર્યો હતો તેની સુગંધથી ખેંચાઇને ભ્રમરાનો ઉપસર્ગ શરૂ થયો. શૂલપાણિ નામના યક્ષે પણ પ્રભુને ઘોર ઉપસર્ગો કર્યા. ચંડકૌશિક સર્પનો પણ પ્રભુને ઘોર ઉપસર્ગ થયો છતાં પણ કરુણા-સાગર એવા પ્રભુએ 'બુજ્ઝ બુજ્ઝ ચંડકૌશિક' એવા મીઠાં-મધુરા વચન વડે તેને પ્રતિબોધ્યો. અને વેરની સામે પણ પ્રેમના આદર્શનો આ દૃષ્ટાંત આપતા ગયા.

સુદંષ્ટ્ર નામના એક નાગકુમાર દેવે ત્રિપૃષ્ઠના ભવનું વેર સંભારીને પ્રભુને ઉપસર્ગો કર્યા, પ્રભુએ સમભાવે તે ઉપસર્ગોને સહન કર્યા અને તે વખતે કંબલ-શંબલ નામના બે દેવે આવીને ઉપસર્ગનું નિવારણ કર્યું.

તે અરસામાં ગોશાળો મળ્યો અને પ્રભુનો શિષ્ય થયો તે ગોશાળો પોતાની પ્રવૃત્તિ દ્વારા પ્રભુને અનેકવિધ કષ્ટો આપવામાં નિમિત્તભૂત બન્યો. ત્યારપછી કટપુતના નામની વ્યંતરીએ પણ પ્રભુને ભયંકર ઉપસર્ગ કર્યા. પ્રભુને તેના દ્વારા કરાયેલા શીત ઉપસર્ગને સહન કરતાં વિશેષ પ્રકારનું અવધિ-જ્ઞાન પ્રગટ થયું. સંગમ નામના દેવે પણ કાર્યોત્સર્ગ કરી રહેલા પ્રભુને એક રાત્રિમાં ૨૦ ઘોર ઉપસર્ગો કર્યા છતાં પણ પ્રભુ પોતાના ધ્યાનની ધારામાંથી ચલિત ન થયા. ૬ મહિના સુધી પ્રભુને ઘોર ઉપ-સર્ગો કરીને પાછો જતો હતો ત્યારે પણ પ્રભુની આંખો કરુણાથી આર્દ્ર થયેલી હતી. ભયંકર ઉપ-સર્ગો કરનારની સામે પણ પ્રભુની કરુણા બેનમુન હતી.

ત્યાર પછી પ્રભુએ ઘોર અભિગ્રહ ધારણ કર્યો કે 'કોઉ સતી અને સુંદર રાજકુમારી દાસીપણાને પામેલી હોય, પગમાં લોખંડથી બેડી હોય, માથું મૂંડેલું હોય, ભૂખી હોય, રૂદન કરતી હોય, એક પગ ઉંબરમાં અને બીજો બહાર રાખી બેઠી હોય તેવી સ્ત્રી સૂંપડાંને ખૂણે રહેલાં અડદના બાકુળા મને વહોરાવે તો હું પારણું કરીશ.'

પ્રભુનાં અભિગ્રહનું પારણું ચંદનબાળાએ કરા-વ્યું. રાજકુમારી હોવા છતાં પણ પરિસ્થિતિ વશ ધનાવહ શ્રેષ્ઠીને ત્યાં છોકરી રહી હતી અને મૂલા શેઠાણીએ ઇર્ષ્યાવશ તેની આવી સ્થિતી કરેલ'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્ષુધાથી તે પીડીત હતી. બેડીથી બાંધેલ હતી. માથે મુંડિત કરેલ હતી અને સૂંપડાંના ખૂણે અડદના બાકુળા શેઠે તેને આપ્યા હતા અને બેડી તોડવાને માટે લુહારને બોલાવવા માટે શ્રેષ્ઠી બહાર ગયા અને તે વખતે રાજકુમારી વિચારે છે કે મારો રાજકુળમાં જન્મ કયાં ? અને મારી આ સ્થિતિ કયાં ? આ નાટક જેવા સંસારમાં દરેક વસ્તુ અન્યથા થઇ જાય છે. છતાં પણ કોઇ અતિથિ આજે મને મળે તો તેને આપીને પછી હું જમું. આવી દુઃખી સ્થિતિમાં પણ તેને બીજાને આપીને હું જમું એવો ભાવ આવે છે તે તેની ઉત્તમ પાત્રતા છે. આર્યદેશની આ સંસ્કૃતિ હતી કે અતિથિને જમાડયા પછી જમવું. તેવામાં વીર પ્રભુ ભિક્ષાને માટે ફરતાં ફરતાં ત્યાં આવી ચડયા અને ચંદનાએ પાંચ માસને પચ્ચીસ દિવસનું પ્રભુને પારણું કરાવ્યું દેવતાઓએ પંચદિવ્ય ત્યાં પ્રગટ કર્યા અને ઇન્દ્રએ કહયું કે પ્રભુને જ્યારે કેવળજ્ઞાન થશે ત્યારે વીરપ્રભુની પ્રથમ શિષ્યા થશે.

ત્યાર પછી સૌથી છેલ્લો ઉપસર્ગ પણ ગોવાળિયા દ્વારા કાનમાં ખીલાં ઠોકાવવા દ્વારા થયો. ખરક વૈદ્યે તે ખીલાને કાઢયા. તે વખતે પ્રભુને અસહ્ય વેદના થઈ. તેમની ચીસના નાદથી પૃથ્વી પણ ફાટી ગઈ. આ પ્રમાણે પ્રભુને ઉપસર્ગોનો પ્રારંભ ગોવાળિયાથી શરૂ થયો અને પૂર્ણતા પણ ગોવાળથી થઇ. ખીલાના ઉદ્ધારનો ઉપસર્ગ તે પ્રભુનો ઉત્કૃષ્ટ ઉપસર્ગ હતો. આ રીતે સાડા બાર વર્ષ સુધી ઘોર ઉપસર્ગો અને પરીષણો સહન કરતાં પ્રભુ પૃથ્વીતલ પર વિચર્યા. સાડા બાર વર્ષના તપમાં પણ પ્રભુએ ત્રણસોને ઓગણપચાસ પારણાં કર્યા. આમ ઘોર તપને કરતાં પ્રભુ ઋજુવાલિકા નામની નદીના કિનારે આવ્યા. અને ત્યાં આગળ શામવૃક્ષની નીચે ઉત્કટિકા આસને રહીને ધ્યાનની ધારામાં વર્તના ક્ષપક શ્રેણી પર આરૂઢ થયેલાં પ્રભુના ચાર ઘાતીકર્મ તત્કાળ તૂટી ગયા અને વૈશાખ સુદ ૧૦ના દિવસે પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું,

દેવતાઓએ આવી પ્રભુના કેવળજ્ઞાનનો મહોત્સવ કરવા માટે સમવસરણની રચના કરી અને પ્રભુ સિંહાસન પર બેઠાં ઇંદ્ર મહારાજાએ પ્રભુની સ્તુતિ કરી અને પ્રભુએ પણ દેશના આપવાની શરૂઆત કરી.

પ્રભુ દેશનાની અંદર ચાર પ્રકારના ધર્મનું વર્ણન કરી રહ્યા છે દાન–શીલ, તપ અને ભાવ. તેમાં દાન એ ધર્મનું પ્રથમ અંગ છે. દાનથી ધર્મની વૃદ્ધિ થાય છે. પરિગ્રહ સંજ્ઞાને દૂર કરવાની વૃત્તિથી નિત્ય દાન ક્રિયાનો અભ્યાસ કેળવવો જોઇએ. સાત ક્ષેત્રમાં પોતાની શક્તિ પ્રમાણે દાનનો પ્રવાહ વહાવવો જોઇએ. ગૃહસ્થના જીવનમાં દાન-ધર્મની મુખ્યતા હોવી જોઇએ. અભયદાન, જ્ઞાનદાન, સુપાત્રદાન, અનુકંપાદાન એમ દાનના અનેક પ્રકારો છે. થોડામાંથી પણ થોડી આપવાની વૃત્તિ હોવી જોઇએ. દુઃખી જીવોને જોઈને અપાતુ દાન અનુકંપા કહેવાય છે. અનુકંપા દાનથી હૃદયની કોમળતાં અખંડ રહે છે. જગતમાં જૈન શાસનની પ્રભાવના થાય છે. દરિદ્રતાના નાશનો ઉપાય દાન છે. પુણ્યના યોગે પ્રાપ્ત થયેલી લક્ષ્મીનો સાતક્ષેત્રમાં યોગ્ય વિનિમય કરવાથી દાન ધર્મ દ્વારા લક્ષ્મીની સાર્થકતા થાય છે. નહિતર એ લક્ષ્મી પરિગ્રહના બંધનમાં જકડાવીને દુર્ગતિમાં લઈ જવા માટે નિમિત્ત બને છે. આવી રીતે દાન ધર્મનું રહસ્ય પ્રભુ સમજાવી રહ્યા છે.

શિયળ ધર્મમાં પ્રભુ સમજાવી રહ્યા છે કે ઈન્દ્રિયોનો અસંયમ એ આપત્તિઓનો માર્ગ છે અને ઇન્દ્રિયોનો સંયમ એ સંપદાનો માર્ગ છે તેથી શક્તિ મુજબ ક્રમે ક્રમે સંયમને જીવનમાં અમલી બનાવી તેના પ્રત્યે અત્યંત આદર કેળવવાની જરૂર છે.

અનાદિ આહાર સંજ્ઞાને કાપવા માટે તપ એ પરમ શસ્ત્ર છે નારકીમાં રહેલો જીવ અકામ નિર્જરા-વડે અસહ્ય દુઃખો સહન કરવાથી ૧૦૦ વર્ષમાં જેટલાં કર્મો ખપાવે છે તેટલા જ કર્મ એક નવકારશીનું પચ્ચક્ખાણ કરનારો ખપાવી શકે છે તો પછી ભગવંતની આજ્ઞા મુજબ વિશેષ તપ કરનાર તો અનેકગણું ફળ પ્રાપ્ત કરે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભવનો નાશ કરવા માટે **ભાવધર્મ** એ અમોઘ સાધન છે. ભયંકરમાં ભયંકર પાપીઓ પણ ઉત્કૃષ્ટ ભાવમાં ચડી જાય છે ત્યારે ક્ષણવારમાં કર્મ ખપાવી પરમપદને પ્રાપ્ત કરે છે. ભરત મહારાજાને પણ અનિત્યાદી ભાવનાથી ભાવિત થતાં આરિસાભવનમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયેલી હતી. કહેવત છે કે 'જેવા ભાવ તેવા ભવ' માટે ભવને સુધારવા માટે પણ ભાવ સારા લાવવા જોઇએ. આ રીતે દાન–શીલ–તપ–ભાવ એ ચાર ધર્મનું વર્ણન કરી સંસારની અસારતા સમજાવી.

અનુક્રમે વિહાર કરતાં કરતાં પૃથ્વી તલને પાવન કરતાં પ્રભુ અપાપાપુરીએ પધાર્યા. હસ્તિપાલ રાજાએ સ્તુતિ કરી. પ્રભુએ સોળ પહોર સુધી છેલ્ધી દેશના આપી.

છેલ્લા દિવસની રાત્રિએ પોતાનો અંતિમ સમય નજીક જાણીને પ્રભુએ વિચાર્યું કે ગૌતમનો સ્નેહ મારા પર અત્યંત છે અને તે જ તેને કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં અંતરાય કરે છે, તેથી તેને દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધવા માટે મોકલી આપ્યા અને અહીં કાર્તિક માસની અમાવાસ્યાની પાછલી રાત્રિએ ચંદ્ર સ્વાતિ નક્ષત્રમાં આવતાં છઠ્ઠનો તપ કર્યો છે. એવા પ્રભુનો જીવનદીપ બુઝાઈ ગયો. ઊર્ધ્વગમન કરીને પ્રભુ મોક્ષમાં ગયા.

પ્રભુના નિર્વાણને જાણીને તે સમયે ભાવ દીપકનો ઊચ્છેદ થવાથી સર્વ રાજાએ દ્રવ્ય દીપક કર્યા ત્યારથી લોકમાં દીપોત્સવાનો પર્વ શરૂ થયો.


વીર પ્રભુના નિર્વાણનો મહિમા કરીને ઇંદ્ર મહારાજા નંદીશ્વર દ્વીપમાં અઠ્ઠાઈ મહોત્સવ કરીને પોતપોતાના સ્થાને ગયા.

આ રીતે ગૃહસ્થપણામાં ૩૦ વર્ષ અને વ્રતમાં ૪૨ વર્ષ એમ ૭૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ થયું.

ઇન્દ્રભૂતિ વિગેરે ૧૧ ગણધર હતા. મેઘકુમાર, આર્દ્રકુમાર નંદીષેણ, ધન્ના શાલીભદ્ર વિગેરે અનેકોનો પ્રભુએ ઉદ્ધાર કર્યો. ઋષભદત્ત અને દેવાનંદાનો પણ પ્રભુએ ઉદ્ધાર કર્યો. ભયંકરમાં ભયંકર મહાપાપી રોહણિયાં ચોર ગૌશાળાનો પ્રભુએ ઉદ્ધાર કર્યો.

આ રીતે પરમાત્માએ અનેક આત્માનો ઉદ્ધાર કર્યો. ગૌતમ ગણધર પણ દેવશર્મા બ્રાહ્મણને પ્રતિબોધીને પાછા ફર્યા અને માર્ગમાં જ પ્રભુનાં નિર્વાણના સમાચાર સાંભળ્યાં અને તે વિચારવા લાગ્યા કે પ્રભુનું એક દિવસમાં જ નિર્વાણ હતું છતાં શા માટે મને દૂર મોકલ્યો. અત્યંત શોકાતુર બનીને કરુણ વિલાપ કરવા લાગ્યા ભાવનામાં આગળ વધતાં વિચારે છે કે પ્રભુ તો વિતરાગ હતા, નિર્મમ હતા મેં વ્યક્તિગત રાગ અને મમતા રાખી તે રાગ દ્વેષ તો સંસારના હેતુ છે. તેનો ત્યાગ કરાવવા માટે પ્રભુએ મારો ત્યાગ કર્યો છે. આ પ્રમાણે શુભધ્યાન પરાયણ થતાં ગૌતમમુનિ ક્ષપક શ્રેણીને પ્રાપ્ત થતાં ઘાતિકર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાનને પામ્યા.

આ રીતે ચરમ તીર્થાધિપતિ, આસન્ન ઉપકારી પરમાત્મા મહાવીરનું ચરિત્ર વાંચી વિચારીને સો કોઇ અવ્યાબાધ સુખનાં ભોક્તા બનો એ જ મંગલ કામના......





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "જૈન દર્શન"

સંકલન :– શ્રી હીરાલાલ બી. શાહ

જૈનદર્શન પરમ્પરાએ સમગ્ર વિશ્વ અનાદિ અનંત છે. તેની આદિ નથી–તેનો અંત નથી. અનાદિકાળથી સ્થિર છે અને અનંતકાળ સુધી રહેશે. સમગ્ર વિશ્વની અંદર છ દ્રવ્યો છે.

૧ જીવાસ્તિકાય, ૨ પુદ્ગલાસ્તિકાય, ૩ ધર્માસ્તિકાય, ૪ અધર્માસ્તિકાય, ૫ આકાશસ્તિકાય અને ૬ કાળ છે. દરેક દ્રવ્યને પોતાનો સ્વતંત્ર ગુણ અને પર્યાય છે. જીવદ્રવ્યના ગુણ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, અને વીર્ય છે. પુદ્ગલ દ્રવ્યના ગુણ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ છે. ધર્માસ્તિકાયનો ગુણ ગતિ હેતુત્ત્વ છે. અધર્માસ્તિકાયનો ગુણ સ્થિર હેતુત્ત્વ છે. આકાશસ્તિકાયનો ગુણ અવગાહનો હેતુત્ત્વ છે. કાળદ્રવ્યનો ગુણ વર્તતા હેતુત્ત્વ છે. જીવદ્રવ્ય ચૈતન્યમય છે. જ્યારે બાકીના પાંચ દ્રવ્યો ચૈતન્ય રહિત છે. પુદ્ગલ દ્રવ્ય એક જ રૂપી છે જ્યારે બાકીના પાંચ દ્રવ્યો અરૂપી છે.

જીવ દ્રવ્ય :– તેના બે પ્રકાર છે. સંસારી જીવો છે. ૨. સિદ્ધના જીવો છે. સિદ્ધના જીવોએ પોતાના સ્વગુણ, સ્વરૂપની પ્રાપ્તિ કરેલ છે અને તેઓ કર્મરહિત થયેલ છે તેઓ પરમાત્મા સ્વરૂપે છે. સંસારી જીવોના બે ભેદ છે. ૧ સ્થાવર જીવો છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ સ્થાવર જીવો છે. તેઓ એક ઇન્દ્રિય જીવો છે. તેઓ હલન ચલન વગરના છે. તેમાં વનસ્પતિકાયના બે ભેદ છે. ૧ પ્રત્યેક વનસ્પતિકાય. જેઓના શરીરમાં એક જીવ છે તે પ્રત્યેક વનસ્પતિકાય કહેવાય છે. ૨ સાધારણ વનસ્પતિકાય : જેઓના એક શરીરમાં અનંત જીવો છે તે સાધારણ વનસ્પતિકાય કહેવાય છે, આ રીતે ગણતાં સ્થાવરના છ પ્રકારમાં, પ્રત્યેક વનસ્પતિકાય સિવાયના બાકીના પાંચના સૂક્ષ્મ અને બાદર પ્રકારના બે ભેદો છે. સ્થાવરકાયમાં છ પ્રકારના બાદર અને પાંચ પ્રકારના સૂક્ષ્મ જીવો છે. બાદર પૃથ્વીકાય, બાદર અપકાય, બાદર વાયુકાય, બાદર તેઉકાય, બાદર પ્રત્યેક વનસ્પતિકાય અને બાદર સાધારણ વનસ્પતિકાય એમ છ પ્રકારના બાદર સ્થાવર જીવો છે' જ્યારે સૂક્ષ્મ પૃથ્વીકાય, સૂક્ષ્મ અપકાય, સૂક્ષ્મ વાયુકાય, સૂક્ષ્મ તેઉકાય અને સૂક્ષ્મ સાધારણ વનસ્પતિકાય એમ પાંચ પ્રકારના સ્થાવર સૂક્ષ્મ જીવો છે. કુલ ૧૧ ભેદો થયા. તેના પર્યાપ્ત અને અપર્યાપ્તા ગણતાં સ્થાવર જીવોના બધા થઈને કુલ ૨૨ ભેદો થાય છે.

૨. ત્રયકાયના જીવો :– ત્રયકાયના ચાર ભેદ છે. ૧. બે ઈંદ્રિય જીવો જેઓ બે ઈંદ્રિયવાળા છે. ૨. તેઈંદ્રિય જીવો જેઓ ત્રણ ઈંદ્રિયવાળા છે. ૩. ચઉરિંદ્રિય જીવો જેઓ ચાર ઇંદ્રિયવાળા છે. ૪. પંચેંદ્રિય જીવો જેઓ પાંચ ઈંદ્રિયવાળા છે. બે ઇંદ્રિય, તેઇંદ્રિય અને ચઉરિંદ્રિય એમ ત્રણ પ્રકારના જીવો છે. તેના પર્યાપ્ત અને અપર્યાપ્તતા ગણતાં ૬ ભેદો થાય છે.

પંચેંદ્રિય જીવના ચાર ભેદ છે. ૧. નારક ૨. તિર્યંચ, ૩. મનુષ્ય અને ૪. દેવો. નારકી સાત છે એટલે નારક જીવોના સાત પ્રકાર છે. તેના પર્યાપ્ત અપર્યાપ્તા ગણતાં ૧૪ ભેદો થાય છે.

તિર્યંચ પંચેંદ્રિય જીવોના ત્રણ ભેદ છે. ૧. જલચર એટલે પાણીમાં ચાલનારા ૨. સ્થલચર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એટલે જમીન ઉપર ચાલનાર, ૩ ખેચર એટલે આકાશમાં ઉડનારા. તેમાં સ્થલચર એટલે જમીન ઉપર ચાલનારાના ત્રણ પ્રકાર છે. ૧. ચાર પગે ચાલનારા, ૨. પેટે ચાલનારા, ૩. હાથવતી ચાલનારા. તેના પાંચ પ્રકારના જીવો થયા. આ પાંચ પ્રકારના જીવો સમુચ્છિંમ અને ગર્ભજ હોય છે. તેથી તેના દશ પ્રકાર થાય છે. તેના પર્યાપ્ત અને અપર્યાપ્તા ગણતા ૨૦ ભેદો થાય છે.

માતાપિતાના સંયોગથી ઉત્પન્ન થઈ ગર્ભમાં પોષણ પામી અમુક વખતે જન્મ થાય તે જીવો ગર્ભજ કહેવાય છે. તે વિના કેટલાક બાહ્ય સંજોગો મળવાથી જીવો ઉત્પન્ન થાય છે. તે બધા સમુચ્છિંમ જીવો કહેવાય છે. ચાર ઇન્દ્રિયો સુધીના ઇન્દ્રિયોવાળા દરેક જીવો સમુચ્છિંમ જ હોય છે.

મનુષ્યના જીવો કર્મભૂમિમાં, અકર્મભૂમિમાં અને અંતર્દ્વિપમાં રહે છે. ૧૫ કર્મભૂમિ છે. ૩૦ અકર્મભૂમિ છે. ૫૬ અંતર્દ્વિપો છે. મનુષ્ય જીવોના મૂળ બે ભેદ છે. ૧. ગર્ભજ મનુષ્ય ૨. સમુચ્છિંમ મનુષ્ય. ગર્ભજ મનુષ્યના ૧૫+૩૦+૫૬=૧૦૧ ભેદ થાય છે. તેના પર્યાપ્ત અને અપર્યાપ્તા ગણતાં ૨૦૨ ભેદો થાય છે. સમુચ્છિંમ મનુષ્ય અપર્યાપ્તા હોવાથી તેના ૧૦૧ ભેદ છે. મનુષ્ય જીવોના કુલ ૩૦૩ ભેદો થાય છે.

દેવના જીવોના ચાર ભેદ છે. ૧. ભવનપતિ, ૨. વ્યંતર ૩. જ્યોતિષી ૪. વૈમાનિક ભવનપતિ દેવો. ૧૦ પ્રકારના છે. વ્યંતર દેવો ૧૬ પ્રકારના છે. જ્યોતિષી દેવોમાં ૫ ચર જ્યોતિષ્ક દેવો છે. અને ૫ સ્થિર જ્યોતિષ્ક દેવો છે. એટલે તેના ૧૦ પ્રકાર છે. વૈમાનિક દેવોના મૂળ બે ભેદ છે. ૧. કલ્પોપન્ન દેવ, ૨. કલ્પાતીત દેવ. કલ્પોપાપન્ન દેવોમાં ૧૨ દેવલોકના દેવો, ૩ કિલ્બીષિક દેવો અને ૯ લોકાન્તિક દેવો છે. કલ્પાતિત દેવોમાં ૯ ગ્રૈવેયકના દેવો અને ૫ અનુત્તર વિમાનના દેવો છે. તે ઉપરાંત ૧૦ તિર્યંચ ભૃભક્જાતીના દેવો છે અને પરમાધાર્મિક જાતીના દેવો છે એમ થઇને ૯૯ ભેદો થાય છે તેના પર્યાપ્ત અને અપર્યાપ્તા ગણતાં ૧૯૮ ભેદો થાય છે.

નારક જીવોના ૧૪ ભેદ છે. તિર્યંચ જીવોમાં સ્થાવર જીવોના ૨૨ ભેદ, વિકલેન્દ્રિય તિર્યંચ જીવોના ૬ ભેદ, પંચેન્દ્રિય તિર્યંચ જીવોના ૨૦ ભેદ થઇને કુલ ૪૮ ભેદ થાય છે. મનુષ્યના જીવોના ૩૦૩ ભેદ છે અને દેવોના જીવોના ૧૯૮ ભેદ છે. જૈન દર્શનમાં જીવોના ૫૬૩ ભેદો બતાવ્યા છે.

જીવોના તમામ ભેદો અને પ્રકારો ટુંકમાં જ લખેલા છે. જિજ્ઞાસુઓને વિશેષ જાણવાની અને સમજવાની ઇચ્છા થાય તો જીવ વિચારના પુસ્તકો વાંચવા વિનંતી છે.

જીવ અનાદિકાળથી કર્મના યોગે સંસારમાં પરિભ્રમણ કરે છે. સુખી–દુઃખી, ઊચ–નીચ વિગેરે થાય છે જીવ અને કર્મનો સંબંધ અનાદિ છે. તે કર્મો આઠ પ્રકારના છે. આત્માના ગુણોને રોકે છે.

૧. જ્ઞાનવરણીય કર્મ :– પાંચ પ્રકારે છે. તે આત્માના જ્ઞાન ગુણને રોકે છે.

૨. દર્શનાવરણીય કર્મ :– નવ પ્રકારે છે. તે આત્માના દર્શન ગુણને રોકે છે.

૩. મોહનીય કર્મ :– અઠ્ઠાવીસ પ્રકારે છે. તે આત્માના ચારિત્ર ગુણને રોકે છે.

૪. અંતરાય કર્મ :– પાંચ પ્રકારે છે, તે આત્માના શક્તિગુણને રોકે છે.

૫. વેદનીય કર્મ :– બે પ્રકારે છે, તે આત્માના અનંત સુખને રોકે છે.

૬. ગોત્ર કર્મ :– બે પ્રકારે છે. તે આત્માના અગુરુ લઘુગુણને રોકે છે.

૭. નામ કર્મ :– ૧૦૩ પ્રકારે છે, તે આત્માના મૂળ અરૂપી ગુણને રોકે છે.

૮. આયુષ્ય કર્મ :– ચાર પ્રકારે છે, તે આત્માના અક્ષય સ્થિતિ ગુણને રોકે છે. કર્મનો કુલ ઉત્તર ભેદો ૧૫૮ થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દરેક જીવ પ્રતિ સમય આયુષ્ય વિના ૭ કર્મો બાંધે છે. આયુષ્ય કર્મનો બંધ એક ભવમાં એક જ વાર થાય છે. આ આઠ કર્મો જીવની સાથે ક્ષીર-નીરની જેમ અનાદિકાળથી એક મેક થઇ ગયેલા છે. જૈનેન્દ્ર શાસન પામીને ભવ્યાત્મા તમામ કર્મોનો નાશ કરી શકે છે અને મોક્ષાવસ્થામાં સ્થાયી બની શકે છે. તે માટે નવ તત્ત્વનું સ્વરૂપ જાણવુ જરૂરી છે.

૧. જીવ :- ચેતના લક્ષણવાળો, જ્ઞાનાદિ ગુણ વાળો છે. કર્મોનો કર્તા છે. કર્મોનો ભોક્તા છે. અને કર્મોનો નાશ કરી શકે છે. તેના કુલ ૫૬૩ ભેદો છે.

૨. અજીવ :- ચેતન રહિત છે. પુદ્ગલો વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા છે તે રૂપી છે તે અજીવ-તત્ત્વના ૧૪ ભેદો છે.

૩. પુણ્ય :- જેના યોગે જીવને સુખ, શાંતિ, તેમજ શારીરિક-કાયિક, માનસિક અને વાચિક અનુકૂળતા મળે છે. તેના ૪૨ ભેદો છે.

૪. પાપ :- જેના યોગે જીવને દુઃખ, અશાંતિ, તેમજ શારીરિક-કાયિક, માનસિક-વાચિક પ્રતિ-કૂળતા મળે છે. જેના ૮૨ ભેદો છે.

૫. આશ્રવ :- કર્મનું આવવું તેને આશ્રવ કહેવાય છે તે દ્વારા કર્મોનું આગમન આત્મામાં થાય છે. તેના ૪૨ ભેદો છે.

૬. સંવર : જેના યોગે આવતા કર્મો રોકાય છે. બારણું બંધ કરવાથી જેમ ઘરમાં કચરો ભરાતો નથી, તેમ આશ્રવ દ્વાર બંધ કરવાથી સંવર થાય છે. તેના ૫૭ ભેદો છે.

૭. નિર્જરા :- જેના યોગે જીવ સાથે લાગેલા કર્મોનો નાશ થાય છે. છૂટા પડી જાય છે. તેના ૧૨ ભેદો છે.

૮. બંધ :- જીવ સાથે કર્મનો દૂધ પાણીની જેમ એકમેક સંબંધ થાય છે. કર્મ બંધાય તેની પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ એમ ચાર ભેદ છે.

૯. મોક્ષ :- જીવનો કર્મ સંબંધથી સર્વથા છૂટકારો થવો તે મોક્ષ છે. આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થાય છે. જીવના સ્વાભાવિક ગુણો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત સુખ વગેરે પ્રગટ થાય છે.

જીવ અને અજીવ તત્ત્વો જ્ઞેય છે એટલે જાણવા યોગ્ય છે. પાપ, આશ્રવ, બંધ હોય છે એટલે છોડવા યોગ્ય છે. પુણ્ય તત્ત્વ છેવટે નિશ્ચયથી છોડવા યોગ્ય છે. સંવર, નિર્જરા, મોક્ષ ઉપાદેય છે એટલે આદરવા યોગ્ય છે.

નવ તત્ત્વોનું જ્ઞાન અને તે ઉપરની શ્રદ્ધા. એ બંને સમ્યકત્વને ઉત્પન્ન કરનાર છે. સમ્યકત્વને ટકવવા તાત્વિક ભૂમિકાની જરૂર છે. આ ભૂમિકા છ સિદ્ધાંતોને સ્વિકારવાથી થાય છે.

૧. જીવ છે, ૨. જીવ નિત્ય છે, ૩. જીવ શુભાશુભ કર્મનોકર્તા છે, ૪. જીવ શુભાશુભકર્મોનો ભોક્તા છે. ૫. ભવ્ય જીવ સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષ મેળવી શકે છે. ૬. મોક્ષનો ઉપાય સદ્ધર્મ છે.

ચાર ગતિમાંથી ફક્ત મનુષ્યગતિમાં જીવ મોક્ષ પદને પામે છે. માટે મનુષ્ય ભવમાં બને તેટલો ધર્મ કરી લેવો જોઈએ. રોજીંદા જીવનમાં નાના કે મોટા ત્રસ જીવોની રક્ષા કરવી, કોઈ જીવોની હિંસા ન કરવી, અસત્ય ન બોલવું, ચોરી ન કરવી, મૈથુન ન સેવવું, પરિગ્રહ બને તેટલો ઓછો રાખવો વિગેરેથી ધર્મનુ પાલન થાય છે. દાન, શીલ, તપ અને ભાવ ધર્મપાલનના ચાર અંગો છે. અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન. ઉચિતદાન અને કીર્તિદાન એમ દાનના પાંચ પ્રકાર છે. શીલ એટલે આત્માનો સ્વભાવ. પરમાત્મા બનવા યત્નશીલ થવું તે માટે બ્રહ્મચર્યનું પાલન તે એક અંગ છે. સંસાર અસાર અને ભયંકર લાગે. વીતરાગની વાણી હૈયે ધારણ કરીને આત્માના સ્વરૂપનો વિચાર કરે એટલે આત્માનું તેજ પ્રગટ કરવાનું ઉત્તમ સાધન. અના-દિની આહર સંજ્ઞા પર કાબુ મેળવવો. વધતી જતી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી શાલિભદ્રની કથા

પંકજકુમાર હર્ષદરાય શાહ

કથા તો બહુ જ જાણીતી છે. ગોવાળપુત્ર સંગમ. જીંદગીમાં દરિદ્રતા સિવાય કંઇ જ નહીં કુટુંબમાં મા અને દીકરો એ જ. પરંતુ સંસ્કારધન ઘણું જ વધારે; અને તેથી જ ઉચ્ચ વર્ણના બાળકો સાથે સારો મેળ. એક દિવસ ગામમાં કોઇ તહેવારનો દિવસ હોઈ દરેક ઘરોમાં ખીર બનાવાયેલી. સાંજે બધા બાળકો રમવા એકઠા થયાં, ત્યારે પોતે ખાધેલી વાનગીનું વર્ણન કર્યું. સંગમને તો વર્ણન સાંભળીને મોઢામાં પાણી આવવા લાગ્યું. ઘરે આવી રડવા લાગ્યો. માતાએ પૂછ્યું, ત્યારે જવાબમાં કહે, “મારે ખીર ખાવી છે; મારા બધા મિત્રોએ ખીર ખાધી; તે મારા માટે કેમ ખીર ન બનાવી?” માતાએ કહ્યું, “આપણે તો ગરીબ છીએ. આપણને ખીરની વાત કરવાનું પણ ન પોસાય.” પરંતુ બાળહઠ પાસે લાચાર થઇ માએ કહ્યું, “ભલે, કાલે તને ખીર બનાવી આપીશ.” અને બીજે દિવસે પાડોશીઓ પાસેથી દૂધ-સાકર વિ. માંગી લાવીને સંગમને તેની માએ ખીર બનાવી આપી. વાડકામાં ખીર આપી મા બહાર ગઈ, અને સંગમ ખીર ખાવાની તૈયારી કરે છે, ત્યાં તો એક તપસ્વી મુનિ ભગવંત તેના ઘરે પધાર્યા. છોકરાએ સાધુને જોતા જ ઉલ્લાસ-હર્ષપૂર્વક ખીર વહોરાવી દીધી. અને આ સૂપાત્ર દાનના પ્રભાવે બીજે ભવે આ સંગમ, શાલિભદ્ર તરીકે જન્મ પામ્યો.

હવે, પ્રશ્ન એ થાય છે કે ફક્ત એક વખતના આવા દાનથી આટલી રિદ્ધિ મળે કેવી રીતે? પરંતુ જ્યારે આપણે આપણી જાતને સંગમની જગ્યાએ મૂકીને વિચારીએ ત્યારે જ ખ્યાલ આવશે કે આ ખીરનું દાન એ કોઈ સામાન્ય દાન ન હતું જીંદગીમાં ક્યારેય સૂકા રોટલા સિવાય કશું જ ન મળ્યુ હોય. અને ખીર જેવી વસ્તુ મળે, તોફાન, ધમપછાડા, જીદ કર્યા પછી મેળવીએ અને એ ચીજનું કશા જ હીચકીચાટ વિના સૂપાત્રમાં દાન

---

ઇચ્છાઓ પર કાબુ મેળવવો. તપના મુખ્ય બે પ્રકાર છે. ૧. બાહ્ય તપ ૨. અભ્યંતર તપ. બાહ્ય તપના છ પ્રકાર છે. અનશન, ઉણોદરી, વૃત્તિ સંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ અને સંલીનતા એમ છ પ્રકારે છે. અભ્યંતર તપનાં પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાઉસ્સગ એમ છ પ્રકાર છે. ભાવ એટલે આત્માનો સ્વરૂપ તારક સુંદર વિચાર. તે વિચારોને કેળવવા માટે બાર ભાવના અને મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય, અને માધ્યસ્થ એમ સોળ ભાવના ભાવવી જરૂરી છે. આ ભાવનાઓ ભાવવાથી મનશુદ્ધિ થશે. મનશુદ્ધિથી ઇન્દ્રિયો અને કષાયો ઉપર યથાશકિત જય થશે. જે આત્મા ઇન્દ્રિયોને અને કષાયોને સંપૂર્ણ જીતશે. તે આત્મા સિદ્ધિગતિને પામશે.

જૈન દર્શન યાને જૈન તત્ત્વજ્ઞાન વિષે સામાન્ય જ્ઞાન જાણીને તેના ઉપર મનન અને ચિંતન કરીને આપણને બધાને સુદેવ, સુગુરુ અને સુધર્મરૂપી તત્ત્વત્રયીની ખૂબ-ખૂબ સેવા ઉપાસના કરવા સહાયક બને એજ મંગલ ભાવના છે.

‘જૈનં જયતિ શાસનમ્’

(—૦—)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરીએ એ બહૂ જ કઠીન છે. અરે! દર વર્ષે કેરી ખાઈએ છીએ; છતાં સીઝનમાં એક દિવસ પણ સ્વેચ્છાએ હું તો કેરીનો ત્યાગ કરતો નથી. ત્યારે આ સંગમે જે ખીરનું દાન કર્યું તે કેટલું મહાન કહેવાય? જીંદગીમાં કયારેય એ ચીજ ચાખી ન-હોતી અને ભવિષ્યમાં મળશે કે કેમ એ પણ પ્રશ્ન હતો; અને છતાં એનું મુનિને દાન કરવું એ ખરે-ખર અસામાન્ય છે. અને દાન કર્યા પછી કરેલ દાનની અનુમોદનાએ તેનું ફળ અનેકગણું કરી આપ્યું. એમ જોઇએ તો મમ્મણ શેઠે પણ પૂર્વ ભવમાં આવા જ ઉત્તમ પાત્રને મોદકનું દાન કરેલું, પરંતુ એ દાન કર્યા પછી એણે અફસોસ કર્યો, પસ્તાવો કર્યો. પરિણામે દાનના ફળ રૂપે શાલિભદ્રની માફક જ શ્રેણિક મહારાજા કરતા પણ વધારે લક્ષ્મી મળી. પરંતુ અનુમોદનાને બદલે દાન કર્યા બાદ અફસોસ કર્યો તેથી જીવનમાં લક્ષ્મી મળી તે ભોગવી ન શકયો અને જીવ્યો ત્યાં સુધી ફક્ત મજૂરી જ કરી.

હવે, પેલો સંગમ કાળધર્મ પામી રાજગૃહી નગરીમાં ગોભદ્ર શેઠને ત્યાં પુત્ર તરીકે જન્મ્યો. અને પૂર્વે ભવે કરેલ સુપ્રાત્રદાનના પ્રભાવે સ્વર્ગ જેવું સુખ પૃથ્વી ઉપર પામ્યો. પિતા ગોભદ્રે દીક્ષા લીધી, વિશુદ્ધ સંયમ પાળ્યું; અને સ્વર્ગે ગયાં. શાલીભદ્ર તેના સાત માળના મહેલમાં એશ-આરામમાં વ્યક્ત રહ્યો. તેને બત્રીસ સ્ત્રીઓ સાથે પરણાવ્યો. માતા ભદ્રાશેઠાણી ઘરની, વ્યવહારની, વ્યાપારની બધી જ જવાબદારી પોતાના ઉપર રાખતા. દેવલોકમાં ગયેલ ગોભદ્ર શેઠને પુત્ર ઉપર મોહ થયો અને સ્વર્ગમાંથી દરરોજ નવ્વાણું પેટીઓ મોકલતા. શાલીભદ્ર તથા તેની ૩૨ સ્ત્રીઓ દરેક માટે ત્રણ ત્રણ પેટી. એકમાં આભૂષણો, એકમાં વસ્ત્રો તથા એકમાં ખાદ્ય સામગ્રીઓ. અને શાલીભદ્ર તથા તેની સ્ત્રીઓ દરેક ચીજ રોજે રોજ એકવાર વાપરીને ફેંકી દેતા. હવે, પ્રશ્ન એ થાય કે સ્વર્ગમાં ગયેલ. કોઈ વ્યક્તિ તેના પૂર્વભવના સ્નેહીને યાદ કરે ખરો? સામાન્ય રીતે સ્વર્ગમાં ગયેલ જીવ ત્યાંના રંગરાગમાં એટલો ડૂબેલો રહે છે, કે અત્રે પૃથ્વી પરના તેના પૂર્વભવના સ્નેહીઓને યાદ પણ ન કરે; અને યાદ આવે તો પણ "હમણાં આ નાટક જોઈને તેની સંભાળ લેવા જાઉં." એમ વિચારે....અને નાટક પૂરૂં થાય ત્યાં બે હજાર વર્ષ પૂરાં થઈ જાય, કદાચ તેનો પૃથ્વી પરનો સ્નેહીપણ તેની પાસે પહોંચી ગયો હોય. તો સવાલ એ છે કે ગોભદ્ર શેઠે શાલીભદ્રને યાદ કેમ કર્યો અને તે સંસારમાં રહ્યો ત્યાં સુધી દરરોજ ૯૯-૯૯ પેટીઓ ત્યાંથી ડીસ્પેચ કેમ કર્યા કરી? તેનો જવાબ એ લાગે છે કે શાલિભદ્રનું સૂપાત્ર દાનના કારણે ઉપાર્જન કરેલ પૂણ્ય એવું પ્રબળ હતું કે તે પૂણ્યના ઉદય વખતે તે સત્કર્મનો (શાતા-વેદનિયનો) ભોગવટો કરાવવામાં તેના પિતા નિમીત્ત બન્યાં.

રાજગૃહીનગરીની જાહોજલાલીનું વર્ણન સાંભળી નેપાળથી કેટલાંક કારીગરો રત્ન કંબળો લઈને ત્યાં વેચવા આવ્યા. અદ્ભુત અને આકર્ષક એવી આ રત્ન કંબળો લઈને વેપારીઓ સૌ પ્રથમ મહારાજા શ્રેણિક પાસે ગયાં. આકર્ષક અને અદ્વિ-તીય કારીગરીવાળી રત્નકંબળો જોઈ મહારાજા તથા રાણીઓ લેવા આકર્ષાયા. રત્નકંબળોની કિંમત પૂછી. વેપારીઓએ એક કામળીની કિંમત સવાલાખ સોનૈયા કહી. પરંતુ મહારાજા શ્રેણીકે આ કિંમત સાંભળી કહ્યું, "આટલી મોંઘી રત્ન કંબળો નથી લેવિ. પ્રજાના પરિશ્રમના પૈસા આવી ચીજો પાછળ ન વેડફાય." હવે, સવાલ એ થાય કે શું શ્રેણિક પાસે એટલી સંપત્તિ ન હતી કે એ આ રત્ન કંબળો ખરીદી ન શકે? સંપત્તિ જરૂર હતી, પરંતુ તેઓ એક નેક રાજા તરીકે પોતાની ફરજ-જવાબદારી સમજતા હતા.

શ્રેણિક મહારાજા તો એક આદર્શ રાજવી હતાં. તેઓ સમજતા હતાં કે રાજભંડારમાં રહેલ ધન પ્રજાનું છે અને પ્રજાના કલ્યાણ માટે જ વપરાય.

હવે, નેપાળથી આવેલ વેપારીઓ તો નિરાશ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થઈ ગયા. 'જેની જાહોજલાલીની જગતમાં જોડ ન મળે એવી રાજગૃહીનો રાજા પણ આ અમૂલ્ય વસ્ત્રો ખરીદવા અશક્ત છે, તો પ્રજામાંથી તો કોણ લઇ શકશે?' એમ વિચારી વેપારીઓ નિરાશ થઇ ગયા. આ સમાચાર શાલીભદ્રના માતા ભદ્રા શેઠાણીને મળ્યા. તેમણે વિચાર્યું કે આ વેપારીઓ ખાલી હાથે રાજગૃહીમાંથી પાછા ફરે તો રાજ્યની આબરૂ જાય. આમ વિચારી તેમણે વેપારીઓને પોતાને ત્યાં નિમંત્ર્યા. રત્નકંબળો જોઈ તેઓને ખૂબ ગમી. તેથી તેમણે વેપારીઓને એક સરખી બત્રીસ કામળીઓ આપવા કહ્યું. પરંતુ વેપારીઓ કહે, "વિચારી વાત કરજો. કામળીઓની કિંમત જાણી? એક નંગના સવાલાખ સોનૈયા છે." શેઠાણી કહે, "પૈસાની ચિંતા ન કરશો, મને બત્રીસ નંગ આપી દો." વેપારીઓને શાંતિ થઈ પરંતુ તેમણે કહ્યું, "અમારી પાસે ફક્ત સોળ કામળીઓ જ છે" શેઠાણી કહે, "દરેકના બે ટૂકડાં કરીને આપી દો.

વેપારીને લાગ્યું કે માજીનું ચસકી ગયું છે કે શું? આવી કિંમતી ચીજોના ટૂકડાઓ થતાં હશે? છતાં ભદ્રા માતાએ બે–બે ટૂકડાં કરવાનો આગ્રહ કર્યો ત્યારે કહે. "પૈસા પહેલાં ચૂકવી આપો.' શેઠાણીએ મુનિમજીને બોલાવી ૨૦ લાખ સોનામહોરો ચૂકવી આપી. સોળ કામળીઓના બત્રીસ ટૂકડાં થયાં. અને આ અડધી કામળીઓ, ફાટેલી કામળીઓ કઈ શાલીભદ્ર શેઠની સ્ત્રીઓ પહેરવાના ઉપયોગમાં થોડી લે? તો એનો ઉપયોગ શું થયો? બત્રીસે વહુઓએ પગ લૂંછીને કામળીઓ ફેંકી દીધી.

આ પ્રસંગ ભદ્રામાતાના જીવનમાં વણાયેલ બે મહાન ગુણો ઉપર પ્રકાશ ફેંકે છે. એક છે દેશદાઝ. ફક્ત રાજગૃહી રાજ્યની આબરૂ ખાતર તેમણે ૨૦ લાખ સોનામહોરો ખર્ચી નાંખી. અને એમણે એ જાણવા છતાં આટલો ખર્ચ કર્યો કે ૨૦ લાખ સોનામહોરોની આ કામળીઓ ફક્ત પગ લૂછવામાં વાપરવાની છે.

ભદ્રા માતાનો બીજો ગુણ જે તરફ ઉપરોકત પ્રસંગ અંગૂલી નિર્દેશ કરે છે, તે છે સમદૃષ્ટિ અને ઉદારતા. તેમણે બત્રીસ વહુઓ માટે બત્રીસ કામળીઓ માંગી અને તે પણ એક સરખી. આજે તો ઘરમાં ફક્ત બે વહુઓ હોય તો પણ એક સરખી દૃષ્ટિ બંને તરફ સાસુઓ નથી રાખતી. અને સાથે તેમની ઉદારતા પણ દેખાય છે. ભદ્રા માતાએ બત્રીસ વહુઓ માટે બત્રીસ કામળો માગી. પણ પોતાના માટે તેત્રીસમી કામળ લેવાનો તેમને વિચાર પણ ન આવ્યો. તેમને પોતાને એવી કામળો વાપરવાની ઈચ્છા ન હોય...? કોઈ કદાચ એવી દલીલ કરે કે ગોભદ્ર શેઠ સ્વર્ગવાસી થયેલાં. તેથી તેમણે (ભદ્રા માતાએ) ભારે વસ્ત્રો ન પહેરાય, કારણ કે આપણી સંસ્કૃતિમાં વિધવાએ આવા વસ્ત્રો ન પહેરાય એવો રિવાજ છે. પરંતુ આ દલીલ વ્યાજબી નથી; કારણ કે રિવાજ એવો છે કે જે પરિણીત વ્યક્તિએ દીક્ષા લીધી હોય, તેના કાળધર્મ પછી પણ તેની પત્નિના સૌભાગ્યના ચિહ્નો કાયમ રહે છે. હવે, ગોભદ્ર શેઠે તો પાછલી અવસ્થામાં સંયમ લીધેલ, આથી ભદ્રા માતા વિધવા હોવા છતાં નેપાળથી આવેલા વેપારીઓની રત્ન કંબળ લઈને પોતે પહેરી શકત. પરંતુ તેમને તો તેમની પુત્રવધૂઓ પર પુત્રીથી પણ અધિક પ્રેમ હતો અને તેથી એમ માનતા હતા કે બત્રીસે સ્ત્રીઓ જે સુખ ભોગવે તે પોતે ભોગવ્યા બરાબર જ છે. અને આવી ઉદારતા અને સમદૃષ્ટિ સાસુમાં તો જ સંભવી શકે, જો વહુઓ પોતાના કુટુંબ પરત્વેના કર્તવ્ય તરફ પૂરતી સભાન હોય. નહીંતર સ્વાભાવિક છે કે, પોતાનો માન મરતબો જે વધુ જાળવે એવી પુત્રવધૂ તરફ સાસુને લાગણી વધુ રહે, અને "સમદૃષ્ટિ" ના દર્શન ન થાય.

હવે, પેલી ફેંકી દીધેલી રત્ન કંબળો સફાઇ કામ કરનારી એક સ્ત્રીના હાથ લાગી. એ સ્ત્રીએ આ રત્ન કંબળો પોતે વાપરવી શરૂ કરી. શ્રેણિક મહારાજાએ એ જોયું. તેમને નવાઈ લાગી કે આ રત્ન કંબળો તો પેલા નેપાળના વેપારીઓ લાવેલાં, એ રત્ન કંબળ આ સ્ત્રી પાસે ક્યાંથી...? આટલી મોંઘી ચીજ એ કેવી રીતે લઈ શકે...? પૂછતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેમને જાણવા મળ્યું કે શાલીભદ્ર શેઠને ત્યાં સોળે સોળ કામળીઓ વેચાયેલ. તેમને એ પણ જાણવા મળ્યું કે તેમને ત્યાં ગમે તેવી ચીજ હોય, ફક્ત એક વખત વાપરીને ફેંકી દેવાય છે. આ વાત જાણી તેમને આનંદ, આશ્ચર્ય અને ગૌરવનો અનુભવ થયો. તેમને એ પણ જાણવા મળ્યું કે ફક્ત રાજ્યના ગૌરવની જાળવણી માટે જ શાલીભદ્રના માતા ભદ્રા શેઠાણીએ આ કામળીઓ ખરીદેલ. આવા દેશાભિમાની માણસનું રાજ્યસભામાં સન્માન કરવું જોઇએ. એમ વિચારી શાલીભદ્રને રાજ્યસભામાં પધારવા નિમંત્રણ આપ્યું.

પરંતુ આ નિમંત્રણ ભદ્રા માતાને આફત જેવું લાગ્યું. કારણ શાલીભદ્ર તો કદી સાતમા માળથી નીચે ઉતર્યો જ નહોતો. તેને વ્યવહારનું કોઇ જ જ્ઞાન ન હતુ. રાજદરબારમાં કઈ રીતે વર્તવું તે એ જાણતો નહોતો. અને ત્યાં જઇને ભાઈ સાહેબ કંઇક બાફે તો હાંસીનું કારણ બનીએ. આથી તેમણે શ્રેણિક મહારાજાને કહેવડાવ્યું કે, મારો પુત્ર એટલો શરમાળ અને નમ્ર છે કે ભર્યા દરબારમાં માન મેળવતાં તેને ખૂબ સંકોચ થાય; માટે આપ મારે ત્યાં પધારો અને શાલીભદ્રને આશીર્વાદ આપો. બીજુ, અમોએ તો માત્ર એક પ્રજાજન તરીકે ફરજ અદા કરી છે; એમાં વળી માન–સન્માન શાં? શ્રેણિકને થયું, સવા લાખ સોનૈયાની કામળ ઉકરડામાં નાંખનાર શાલીભદ્રની હવેલી અને રહેન–સહન જોવાનો મોકો મળ્યો છે. તેમણે સહર્ષ ભદ્રામાતાના આમંત્રણનો સ્વીકાર કર્યો. અને નક્કી કરેલા દિવસે–સમયે દેવતાઇ વૈભવ ભોગવતાં શાલીભદ્રની દેવતાઇ હવેલીએ તેઓ આવ્યા.

ભદ્રામાતાના આમંત્રણને માન આપી શ્રેણિક મહારાજા તેમના મહેલમાં પધાર્યા. સાત માળની હવેલીમાં પહેલાં માળે આવ્યા. જોઈને આશ્ચર્ય પામી ગયાં પરંતુ અભયકુમાર (મહારાજાના પુત્ર તથા રાજ્યના મંત્રીશ્વર) કહે, "આતો નોકર ચાકરોનું રહેઠાણ છે. શેઠ શાલીભદ્ર તો છેક ઉપરના માળે વસે છે." શ્રેણિક મહારાજાને આ સાંભળીને ઈર્ષ્યા ન થઈ, પણ આનંદ થયો. પોતાના મહેલ કરતાં પણ શાલીભદ્રના નોકર ચાકરોનું રહેઠાણ વધુ સુંદર હતું. શાલીભદ્રના મહેલના નીચેના ભાગે નોકરો રહેતાં, ત્યાંનું ફ્લોરીંગ પણ સ્ફટિકનું હતું જ્યારે રાજાના મહેલમાં પણ એ નહોતું. અને પોતાના પ્રજાજન પાસે આટલી સંપત્તિ જોઇ રાજી થવું, ઈર્ષ્યા ન થવી એ કોઇ જેવી તેવી વાત નથી.

શ્રેણિક મહારાજા આવ્યાનું જાણી ભદ્રામાતા તેમની સામે ગયાં. તેમને સાચા મોતીથી વધાવી તેમનો સત્કાર કર્યો, પછી શાલીભદ્રને બોલાવવા ઉપરના માળે ગયાં. શાલીભદ્રને કહ્યું, "ભાઇ, નીચે આવ; રાય (રાજા) આવ્યાં છે." શાલીભદ્ર કહે, રાયને નાખો વખારે, એમાં મારી શી જરૂર? આજ સુધી કદી કોઇ કામ અંગે હું નીચે આવ્યો નથી, તો હવે 'રાય' માટે શું કામ બોલાવો છો; તમારી જાતે સોદો કરીલો અને ગોદામમાં નખાવી દો." માતા કહે, આતો મહારાજા શ્રેણિક છે, આપણો સહુનો સ્વામી છે. ગાંડો ન થા અને નીચે આવ." માતાના આગ્રહને વશ મને–કમને શાલીભદ્ર નીચે આવી રાજાને મળ્યાં, શ્રેણિક મહારાજા શાલીભદ્રને ભેટી પડ્યાં. પરંતુ તેથી તો શાલીભદ્રને પસીનો–પસીનો થઈ ગયો. તેની કાયા મીણ જેવી કોમળ હતી. ફક્ત મહારાજા શ્રેણીક ભેટ્યાં, તેથી આખા શરીરે પસીનો થઈ ગયો. મહારાજાને પણ આશ્ચર્ય થયું. ભદ્રામાતાનું આતિથ્ય માણી શ્રેણિક મહારાજા પોતાના મહેલ ગયાં; શાલીભદ્ર પોતાની હવેલીમાં સાતમે માળ પહોંચી ગયાં.

પણ, તેના મગજમાં પેલો 'સ્વામી' શબ્દ ભોંકાવા લાગ્યો. આજે તેને ખબર પડી કે પોતાની માથે પણ કોઈક સ્વામી છે; પોતે સ્વાધીન નથી. અને આ વાત તેને ખૂબ ખૂંચી. પોતાના કરતાં પણ ઉપર કોઈ હોય એ વાત તેને જચતી નહોતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હવે તેને સાધુ થઇ સ્વર્ગે ગયેલ પિતા યાદ આવ્યા. તેણે વિચાર્યું કે, એ જ સાચા સુખનો માર્ગ છે. આટલું સુખ છોડી પિતાજી અમસ્તાં થોડાં દીક્ષા લે? અને દીક્ષા લઇ કર્મો ખપાવી એવી પદવી પ્રાપ્ત કરૂં કે મારે માથે કોઇ 'સ્વામી' ન હોય. અને એવો વિચાર કરી માતાને તથા બત્રીસે સ્ત્રીઓને પોતાના સંસાર ત્યાગ કરવાના નિર્ણયની વાત કરી. સર્વને આઘાત લાગ્યો-આશ્ચર્ય થયું. શાલીભદ્રને સમજાવવા-મનાવવાના અનેક પ્રયત્નો થયાં. પરંતુ શાલીભદ્ર મક્કમ રહ્યાં. છેવટે ભદ્રામાતાએ પોતાની આખરી માંગણી રજુ કરી. તેમણે કહ્યું, "બત્રીસ દિવસ સુધી સંસારમાં રહે; દરરોજ એક-એક સ્ત્રીનો ત્યાગ કરજે. એકાએક અમોને છોડીને ચાલ્યો જઇશ તો એ આઘાત અમે નહીં જીરવી શકીએ." માતાની માંગણીને શાલીભદ્રએ માન્ય રાખી. આ વાત તથા ભગવાન શ્રી મહાવીર દેવની વાત શું મળતી આવતી નથી...? માતાના પ્રેમ-વાત્સલ્યને ખાતર ભગવાને તેમની હયાતી સુધી સંસાર ન છોડયો. શાલીભદ્રએ માતાની લાગણીને માન આપીને બત્રીસ દિવસ સુધી સંસારમાં રહેવાનું વિચાર્યું. આ પ્રસંગ એ બતાવે છે કે મુમુક્ષુ જીવોએ મા-બાપને છોડીને જરૂર સંયમ લેવાનો, પણ તરછોડીને હરગીજ નહીં. સંસાર આખાને તરછોડવાનો, પણ મા-બાપને, કે વડીલોને નહીં.

ભદ્રામાતાની આ દરખાસ્ત પાછળ કદાચ એવી ગણતરી પણ હશે કે સ્મશાન વૈરાગ્ય હશે તો પાછો ઠેકાણે આવી જશે. અને મહિનો એક જતાં કુંવર દીક્ષાનું નામ પણ નહીં લે. પણ; શાલીભદ્રનો વૈરાગ્ય એ ક્ષણિક ન હતો. સંસારમાં જળકમળવત્ રહી બાકીના ૩૨ દિવસો પસાર કરવાનું શરૂ થયું. શાલીભદ્રની બહેન સુભદ્રા તે પણ રાજગૃહીમાં શાલીભદ્રના નિવાસથી થોડે દૂર રહે. તેને પોતાના ભાઇના સંસાર ત્યાગવાના નિર્ણયના સમાચાર મળ્યાં. સવારનો સમય હતો. સુભદ્રાના પતિ ધન્ના શેઠને સ્નાન કરાવવાની તૈયારીઓ થઈ રહી હતી. સ્નાન પૂર્વે તેલનું મર્દન થઇ રહ્યું હતું. સુભદ્રાને દીક્ષા લેનાર ભાઇની યાદ આવી. પતિને તેલનું મર્દન કરતાં કરતાં તેની આંખમાંથી અશ્રુબિંદુ પડયાં. ધન્નાજીના દેહ ઉપર. કહે છે કે શોકના અશ્રુઓનો સ્પર્શ ગરમ હોય છે. ધન્નાજીને થયું હજુ તો તેલનું માલિશ થાય છે ત્યાં આ ગરમ ટીપાંઓ શેના પડયાં? ઉપર નજર કરી તો સુભદ્રા રડે છે. ધન્નાજીએ પૂછયું, "તું કેમ રડે છે...? જે કારણ હોય તે કહે." સુભદ્રા કહે, "મારો ભાઇ યાદ આવ્યો. તેણે સંયમ લેવાનું નક્કી કર્યું છે; અને માટે રોજ એક-એક સ્ત્રીનો ત્યાગ કરે છે, બત્રીસ દિવસ પછી એ સાધુ થઈ જશે." વાત સાંભળી ધન્નાજી હસી પડયાં. તેઓ માનવા તૈયાર ન હતા કે આટલો વૈભવ-આટલું સુખ છોડી શાલીભદ્ર સંયમ લે. તેઓ કહે, "તારો ભાઈ તો નાદાન છે. હાલી નીકળ્યા છે ત્યાગ કરવા. આમ કટકે-કટકે ત્યાગ ન થાય. કાયર હોય તે કટકે-કટકે (Piece meal) ત્યાગ કરે. બહાદૂર હોય, સંયમ લેવાની ભાવના હોય તો એક જ ઝાટકે સંસારમાંથી નીકળી ન જાય?" આ વાતે સુભદ્રાની સ્ત્રી-સહજ લાગણી ઉપર અસર કરી, પોતાના ભાઇ વિષે કોઇ વાંકુ બોલે-ભલે પછી બોલનાર તેનો પતિ હોય; તો પણ બહેન સામે જવાબ આપ્યા વિના ન રહે-બલ્કે બે ની ચાર સંભળાવે. પોતે એકદમ પતિભકત હોવા છતાં (ત્યારે જ જાતે સ્નાન-મર્દન કરાવતી હશેને?) ભાઈ માટે આમ બોલ્યાં તેથી તુરત જ ધન્નાજીને સામે જવાબ દીધો. કહ્યું કે, "બોલવું બહુ સહેલું છે, આચરણમાં મુકવું ઘણું જ મુશ્કેલ છે. માટે ખોટું અભિમાન ન રાખશો."

આટલું સાંભળતા તો ધન્નાજી ઉભા થઇ ગયાં. તેમને સુભદ્રા સિવાય બીજી સાત પત્નિઓ હતી. તેઓ કહે, "આઠે આઠ સ્ત્રીનો અત્યારે, આજ ક્ષણે ત્યાગ કરૂં છું." અને સ્નાન કરતી વખતે પહેરેલાં એક જ વસ્ત્રે ગૃહ ત્યાગ કરવા ઉભા થયા, તેમની બધી સ્ત્રીઓ નવાઇ પામી ગઈ, સુભદ્રાએ કહ્યું, "મેં તો માત્ર મજાકમાં જ કહેલું આમ અમને મુકીને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચાલી ન નીકળો." ધન્નાજી કહે, "તમે ભલે મજાકમાં કહ્યું, પણ મને સાચી વાત સમજાઇ છે. અને મેં લીધેલો નિર્ણય હવે ફરી શકે તેમ નથી." આટલું કહી, તેઓ શાલીભદ્રની હવેલીએ આવ્યા, શાલીભદ્રને બૂમ પાડી બોલાવ્યો, કહ્યું, "ધીમેધીમે ત્યાગ કરે તે તો કાયર કહેવાય, ખરી સંયમની લગની હોય તો ચાલ નીકળ, હું પણ તારી સાથે આવું છું."

શાલીભદ્રને પણ આટલું સાંભળતા શૂર ચડી ગયું. સાળા-બનેવીની જોડી આવી શ્રમણ ભગવાન મહાવીર પાસે. બંનેએ સંયમ લીધો. અને તપશ્ચર્યાઓ શરૂ કરી. બંનેએ માસક્ષમણને પારણે માસક્ષમણ શરૂ કર્યા. સંયમ લઈ ઉગ્ર તપ તપતાં બંને ગ્રામાનુગ્રામ પ્રભુશ્રી મહાવીર દેવ સાથે વિચરી રહ્યાં છે. લાંબા સમય પછી બંને મુનીઓ ફરી રાજગૃહીમાં ભગવાન સાથે પધાર્યા. તપસ્યાથી બંનેએ શરીરને એકદમ કૃષ્ટ કરી નાખ્યું છે. ભગવાનની આજ્ઞા લઈ બંને માસક્ષમણના પારણે ગોચરી માટે જવા નીકળ્યાં. ભગવંતને પૂછતાં તેમણે કહ્યું, "શાલીભદ્રની માતાના હસ્તે તમારૂં છેલ્લું પારણું થશે; અને પછી વૈભારગિરી ઉપર તમારે બંનેએ અનશન કરવાનું છે." આ સાંભળી બંને મુનીઓ શાલીભદ્રના સંસારી નિવાસ સ્થાને આવ્યા. 'ધર્મલાભ' કહી ઉભાં રહ્યાં. પરંતુ તપશ્ચર્યાને કારણે બંનેના શરીર એવા કૃષ્ટ થઇ ગયેલાં કે કોઈ તેમને ઓળખી ન શકયું. બીજા તો ઠીક પણ ખૂદ ભદ્રામાતા પણ તેમના પુત્ર કે જમાઈને ઓળખી ન શકયાં. કેવી ઉગ્ર તપસ્યા કરી હશે....? બંને ત્યાંથી પાછા ફર્યા. રાજગૃહીના દરવાજેથી નીકળતાં એક ગોવાળણ મળી. તેણે મસ્તક પર દૂધ-દહીંની મટકીઓ ઉંચકેલી હતી. બંને મુનીએ 'ધર્મલાભ' કહ્યાં. સૂઝતો આહાર હતો. ગોવાળણે ઉલ્લાસપૂર્વક વહોરાવ્યો.

બંને મુનીઓ ગોચરી વહોરી સમવસરણમાં પહોંચ્યાં. ધન્નાજીએ પોતાની શંકા પ્રભુ પાસે રજુ કરી, કહ્યું, "કેવળીના વચન મિથ્યા થાય....?" પ્રભુ કહે, "ના. બને જ નહીં." ધન્નાજી કહે, "આપે કહેલું કે શાલીભદ્રની માતાના હાથે પારણું થશે, પરંતુ અમે ત્યાં ગયાં તો કોઇએ ઓળખ્યાં પણ નહીં, ખૂદ ભદ્રામાતાએ પણ પોતાના પુત્રને પહેચાન્યો નહીં. અને એક ગોવાળણના હાથે અમારૂં પારણું થયું." પ્રભુ કહે, "એ ગોવાળણ જ શાલીભદ્રની પૂર્વ જન્મની માતા છે." ધન્નાજીએ ફરી પૂછ્યું, "ભદ્રા માતાએ અમોને ઓળખ્યાં પણ નહીં ?" પ્રભુ કહે, "આપણે અહીં આવ્યાના સમાચાર તેઓને મળેલાં અને તેથી જ તેઓ સૌ અત્રે દર્શનાર્થે આવવાની ઉતાવળમાં હતાં. અહીં આવવા માટે તેઓ તૈયાર થઈ રહ્યાં હતાં. તમે ત્યાં પહોંચ્યા ત્યારે તેમનું લક્ષ બીજે હતું માટે તેમનું ધ્યાન ગયું નહીં. બાકી ભદ્રા માતાના અંતરમાં તો શાલીભદ્ર માટે ખૂબ જ વાત્સલ્ય છે. ઉગ્ર તપસ્યાથી તમારો દેહ એવો કૃષ થઇ ગયો છે કે સગી માં પણ તમોને ઓળખી ન શકી."

પારણું કર્યા બાદ બંને મુનીઓ ભગવાનની આજ્ઞા લઈ વૈભારગિરી ઉપર અનશન કરવા ગયાં.

જ્યારે શ્રેણિક મહારાજા શાલીભદ્રને સંસારી અવસ્થામાં મળવા આવ્યા અને ભેટી પડયાં એટલા માત્રથી શાલીભદ્રને પરસેવો-પરસેવો થઈ ગયેલો. કેવી મીણ જેવી કૂમળી કાયા હશે...? અને એજ કાયાથી એ આત્માએ કેવું દુષ્કર તપ કર્યું....? માસક્ષમણના પારણે માસક્ષમણ. અને છેલ્લે વૈભારગિરિની શિલાઓ ઉપર અનશન.

હવે, આ તરફ ભદ્રામાતા, બત્રીસે સ્ત્રીઓ, સર્વે ભગવાન પાસે સમવસરણમાં પહોંચ્યાં. પ્રભુને વંદન કરી ભદ્રા માતાએ પુત્ર-જમાઈ કયાં છે એ પૂછ્યું. ભગવાને જણાવ્યું કે, "બંનેએ અનશન ગ્રહણ કર્યું છે, અને વૈભારગિરિ ઉપર સંથારો કર્યો છે." આ વાત સાંભળી ભદ્રા માતા વૈભારગિરિ પર શ્રેણિક મહારાજા તથા બત્રીસે સ્ત્રીઓને લઈને પહોંચ્યાં. પુત્ર-જમાઈનું ઉગ્રતપ જોઇ તેમને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પડતા કષ્ટનો વિચાર કરી ખૂબ રડી પડયાં. તેમણે કહ્યું, "તમો મારા ઘરે પધાર્યા પણ મેં ઓળખ્યાં નહીં. તમે તો મારો તથા સંસાર આખાનો ત્યાગ કર્યો છે. પણ છતાં છેલ્લી વાર મારા સામે આંખ ખોલીને નિહાળો, જેથી મને સંતોષ થાય. હવે તો તમારૂં દર્શન પણ મને થવાનું નથી, માટે છેલ્લી વાર મારા સામે જોઈ લો; જેથી મને સંતોષ થાય." માતાની આજીજી સાંભળી શાલીભદ્રથી માતા સામે સ્હેજ જોવાઈ ગયું; પણ પરીણામ....? તેત્રીસ સાગરોપમનો સંસાર વધ્યો. ધન્નાજી નિર્વીકલ્પ સમાધિમાં રહ્યાં, વિચલીત ન થયાં અને કેવળજ્ઞાન પામી મોક્ષે ગયાં; અને શાલીભદ્ર સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ગયાં; ત્યાંથી મહાવિદેહમાં એક ભવ કરી મોક્ષે જશે. જોકે અમુક જગ્યાંએ એવો પણ ઉલ્લેખ છે કે બંને દેવલોકે ગયાં.

અંતમાં, શાલીભદ્રની રિદ્ધિના બદલે તેનો ત્યાગ માંગીએ અને રિદ્ધિના મૂળમાં રહેલ સૂપાત્ર દાન તરફ લક્ષ રાખીએ તો તેના જેટલો વૈભવ મળે તો પણ તેમાં ખૂંપીએ નહીં.

## 'ક્ષમા'

મહાવીરે કહ્યું, 'ક્ષમા તો શત્રુને હોય, તું તો મારો મિત્ર છે.'

યક્ષને આશ્ચર્ય થયું, 'હું મિત્ર? અને તેય તમારો? મેં તો તમને કેટલો બધો સંતાપ આપ્યો છે.

મહાવીરે કહ્યું, મારો તો શું, તું જગત આખાનો મિત્ર થઇ શકે તેમ છે. તું ક્રોધ અને ઘૃણાને વશ થઈ માનવનાં હાડકાં સાથે ખેલ ખેલતો હતો, પણ ક્રૂર હિંસા તને કદી શાંતિ આપી શકશે નહીં. ક્ષમા અને પ્રેમથી જ શાંતિનો આવિષ્કાર થાય છે. આ ગામ સાથે તને વેર છે એ હું જાણું છું, પણ એ વેરનું ઓસડ વેરમાં નથી, પ્રેમમાં છે.'



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દિલ્હી-અધિવેશનની અટારીએથી

## રાજધાની-દિલ્હીમાં મળેલ જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું ઐતિહાસિક રજત મહોત્સવ અધિવેશન

સંકલનકાર : કુ. પ્રફુલ્લા આર. વોરા

શ્રી આત્મ–વલ્લભ–સ્મારક મંદિરના વિશાળ પ્રાંગણમાં જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું ૨૫ મું રજત–મહોત્સવ અધિવેશન વિ. સં. ૨૦૪૫ના મહા સુદ ૩-૪, બુધ–ગુરૂવારના તા. ૮–૯ ફેબ્રુઆરી ૧૯૮૯ના દિવસો યાદગાર બનાવી ગયું.

નુતન જિનાલયમાં બિરાજમાન કરવાના પ્રભુજીના અંજનશલાકા, પ્રતિષ્ઠા અને યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મ. સા.ની મૂર્તિના સ્થાપનાના ત્રિવેણી–મહોત્સવની સરવાણીના પ્રમુખસ્થાને જૈન સમાજના લોકલાડીલા અગ્રણી શ્રી દીપચંદભાઈ ગાર્ડી હતા. અધિવેશન જુદી જુદી બેઠકોમાં ભરાયેલ.

ચંદરવા–ચાકળાના સુશોભિત મંડપમા તા. ૮–૨–૮૯ બપોરના ૩-૦૦ કલાકે અધિવેશનની પહેલી બેઠકમાં યુગવીર આચાર્યદેવ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ૦ સા૦નું જીવનદર્શન કરાવતું ૧૦૦×૨૫ના પટ્ટચિત્રની શોભા, સ્વાગત, સ્વાગત પત્રિકાનું વાચન અને જૈન સમાજ માટે પ્રાણ પ્રશ્ન રૂપ બની રહેલ. દસ વર્ષની પ્રવૃત્તિ અને કાર્યવાહીનું તબક્કાવાર પ્રવચન રજૂ કરેલ.

ભારતભરમાંથી આવેલા સંદેશાઓનું વાચન અને કેળવણી, સામાજિક, સાંસ્કૃતિક, વગેરે પાસાંઓની રૂપરેખા વિચારી મોડી રાતે પ્રથમ બેઠક પૂરી થઇ હતી.

અધિવેશનની બીજી બેઠક અંજનશલાકા મહોત્સવ પછી ખુલ્લા અધિવેશન રૂપે બપોરે ત્રણ વાગ્યા પછી શરૂ થઇ. પરમપૂજ્ય વિજયઇન્દ્રસૂરિશ્વરજી મહારાજ સાહેબના માંગલિક પ્રવચન આપેલ. કોન્ફરન્સના મંત્રી શ્રી જયંતભાઈ શાહે તૈયાર થયેલ ઠરાવો રજૂ કરેલ.

પૂર્ણાહુતિનાં પ્રવચનો દરમિયાન પ્રમુખશ્રી ગાર્ડી સાહેબે કાર્યક્રમમાં સહાય આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

શાંતિ, ધીરજ, ખેલદિલી, દીર્ઘદૃષ્ટિ અને સમજાવટપૂર્વક સંચાલન સમગ્ર કાર્યક્રમની યશકલગી બની રહ્યાં.

- કોઈ પણ ગુણાનુરાગીનું હૈયું ભાવવિભોર બની આનંદથી ઉછળે એવા શુભ અને મંગળ પ્રસંગો ફેબ્રુઆરીના બીજા સપ્તાહની શરૂઆતના દિવસોમાં દિલ્હી ભાવભીનું બની ગયું.
- આજનું કામ કાલ પર ન છોડો વિતેલો સમય કદી પાછો નથી આવતો, આપણે સૌ એક–બીજા પ્રત્યે પ્રેમ, ભાવના અને સહકાર રાખીએ તો કોઈ એવી તાકાત નથી જે આપણા જૈન સમાજને એ ઊંચાઇ સુધી પહોંચતા રોકી શકે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " કોન્ફરન્સ સંદેશ "

૦ કોન્ફરન્સના કાર્યક્રમોના અગત્યના ભાગરૂપે થયેલા ઠરાવો ટૂંકમાં :

૧. વસતી ગણતરી અને "જૈન"

ઇ. સ. ૧૯૯૧ની ભારતની વસતી ગણતરીમાં જૈન ભાઇ-બહેન પોતાનાં નામ સાથે "જૈન" વિશેષણ જરૂર લખે.

૨. દુષ્કાળ રાહત માટે આભાર :

ઈ. સ. ૧૯૮૬, ૮૭ અને ૮૮ ના દુષ્કાળ વખતે જીવદયાની પ્રવૃત્તિ કરતી સંસ્થાઓ, સંઘો, ટ્રસ્ટો વગેરેના રાહત કાર્ય બદલ અભિનંદન.

૩. સમાજ-ઉત્કર્ષ :

આર્થિક નાણાભીડ દૂર કરવા શિક્ષણની સુવિધા, કુરિવાજોની નાબુદી અને સમૂહલગ્નોની યોજના કરવી.

૪. ધાર્મિક શિક્ષણ :

જૈન ધર્મના સંસ્કારોનું સિંચન અને ગૌરવ કરી શકાય તે માટે ધાર્મિક શિક્ષણને સ્થાન આપવું.

૫: શિક્ષણનો પ્રચાર :

વર્તમાન જરૂરિયાતોને પહોંચી વળવા માટે વ્યવહારિક શિક્ષણમાં ઉપયોગી થવું.

૬. જૈન સાહિત્યનો પ્રચાર :

જૈન ધર્મના સિદ્ધાંતોના પ્રસાર માટે સાહિત્ય પ્રકાશન કરવું.

૭. હિંસા વિરોધ :

ખોરાકના નામે થતી હિંસા રોકી સમગ્ર સજીવો પ્રત્યે કરૂણાભાવ રાખવો. ભારતભરમાં સંપૂર્ણ ગોવધબંધીનો ઠરાવ કરી કાયદાકીય સ્વરૂપ આપવા માટે સરકારશ્રીને સૂચન કરવું.

૮. અન્યાયપૂર્ણ ટેકસનો વિરોધ અને સરકાર દ્વારા જૈન કૃતિઓની થતી ઉપેક્ષાનો વિરોધ :

૯. પૂજ્ય હેમચંદ્રાંચાર્યનું સ્મારક :

ભારતીય સંસ્કૃતિના પ્રભાવક મહાપુરુષ "કલિકાલ સર્વજ્ઞ" હેમચંદ્રાચાર્ય અને રાજા કુમારપાળનું સ્મારક : દિલ્હી તથા અમદાવાદ, પાટણ અને ધંધુકામાં બને તેવા પ્રયાસ કરવા.

૧૦. અહિંસા વર્ષની ઉજવણી :

યુદ્ધનો ભય દરેક દેશને સતાવી રહ્યો છે. ત્યારે સને ૧૯૯૦ થી ૧૯૯૧ના વર્ષને "અહિંસા વર્ષ" તરીકે ઉજવવું તથા ચૈત્ર સુદ તેરસના દિવસને "અહિંસા દિન" તરીકે ઉજવવા માટે સરકારશ્રીને અનુરોધ કરવો.

૧૧. કોન્ફરન્સના બંધારણમાં સુધારો :

અખીલ ભારતીય જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના બંધારણમાં જરૂરી ફેરફારની છ માસમાં રજૂઆત કરવી.

અન્તે કોન્ફરન્સના નવા મુખ્ય કાર્યવાહકોની જાહેરાત કરવામાં આવેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd, No. G, BV. 31

# સ્તુતિ

શિવમસ્તુ સર્વ જગત:,
પરહિતનીરતા ભવન્તુ ભૂતગણાઃ ।
દોષાઃ પ્રયાન્તુ નાશં;
સર્વત્ર સુખી ભવતુ લોકઃ ।।





સર્વ જગતનું કલ્યાણ થાઓ,
સર્વ જીવો પરોપકારી બનો,
સર્વનાં દોષો નાશ પામો,
સર્વત્ર સવ જીવો સુખી થાઓ,
સુખી થાઓ, સુખી થાઓ.



તંત્રી : શ્રી કાન્તિલાલ જે. દોશી એમ. એ.
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only